# હકીકત શી મારી કહું કોઈને હું, હકીકત હવે જ્યાં હકીકત નથી કંઈ!

સ્પંદન

નિરંજન યાજ્ઞિક



આરવની નોકરી તો સામાન્ય હતી. ટ્રેડ કોમ્પ્લેક્ષમાં હેડકલાર્ક તરીકે જોડાયાને એને ત્રણ વરસ થયા. પગાર પણ ખાસ નહોતો. ત્રીસ હજાર પગારમાં જોકે એનું ગાડું ચાલતું.

આરવનું ગાડું આટલા ઓછા પગારમાં ચાલવાનું મૂળ કારણ તો એ હતું કે, એના માતા-પિતા થોડા વરસ પહેલા જ અવસાન પામેલા. લગ્ન હજી થયા નહોતા, એટલે જલદર્શન સોસાયટીના ટેનામેન્ટ નંબર બસો ત્રીસમાં એ આરામથી રહેતો હતો.

એના પપ્પા અવસાન પામ્યા ત્યારે વારસામાં આરવ માટે આ ટેનામેન્ટ મૂકતા ગયેલા. એ ઉપરાંત પાંચેક લાખ જેટલી રકમ એમણે સાચવી રાખેલી એ પણ આરવને મળી.

આરવ હવે સત્તાવીસ વરસનો થયો, પણ હજી એનું સગપણ થઈ શક્યું ન હતું. કહેવાય છે કે, વાડ વિના વેલો ન ચડે, પણ અહીં તો વાડ જ ન હતી, વેલો ક્યાંથી ચડે?

આરવના કોઈ સગાસંબંધી પણ ન હતા, જે એના સગપણ માટે વાત શરુ કરે. હા, એક કાકા-કાકી હતા, પણ એ પણ દૂરના હતા એટલે એમને બહુ રસ નહોતો આરવમાં.

આરવને પણ કોઈ ઉતાવળ કે ચિંતા ન હતી. એણે સવાર-સાંજ માટે ટિફિન બંધાવેલું, અને કચરા-પોતા અને કપડાં ધોવા માટે ને વાસણ ઉટકવા એક કામવાળી રાખી લીધેલી. બસ, આ રીતે એની જીંદગી ચાલ્યે જતી હતી.

"આરવભાઈ,"એક દિવસ બાજુના ટેનામેન્ટવાળા રમેશભાઈએ એને કહ્યું, "હવે કોઈ કન્યા શોધી કાઢો, આમ ક્યાં સુધી ટિફિન ખાધા કરશો?"

"રમેશભાઈ,"આરવે કહ્યું, "કન્યા ક્યાંથી શોધું? આખો દિવસ નોકરીમાં જાય છે, ને કોને કહું કન્યા માટે ? ભગવાને જે ધારી હશે એ થશે બીજું શું? આજે નહીં તો કાલે, કોઈ તો સામે જોશે."

"એ વાતેય ખરી આરવભાઈ,"રમેશભાઈ બોલ્યા, "આ તો મને જરા લાગણી થઈ આવી એટલે મેં પૂછ્યું. હવે હું પણ ધ્યાન રાખતો રહીશ. કોઈ સારી છોકરી દેખાય પરિચિતની, તો હું એમને તમારા માટે વાત કરીશ.'

"ચોક્કસ,"આરવે એક્ટિવાને સેલ મારતાં કહ્યું, "ચાલો, હું ઓફિસે જાઉં છું. સાંજે મળીશું."

આપણે ઉપર એ કહેવાનું રહી ગયેલું કે, આરવને એના પપ્પા વારસામાં આ સરસ એક્ટિવા પણ આપતા ગયેલા !

આરવે સ્કુટર મેઈન રોડ પર લીધું. એનું મન આજે રમેશભાઈની વાતોના લીધે કન્યાના વિચારોમાં ચડી ગયેલું. કન્યા માટે કોને કહેવું? વિનય અને કેતન જેવા બે-ત્રણ મિત્રો હતા, એમને વાત કરવાનું એણે નક્કી કર્યું. એ વિચારમાં પડ્યો કે, કેતન અત્યારે ક્યાં હશે?

અચાનક, માનવમંદિર રોડ પરના બાલ ઉદ્યાનની નજીક એનું ધ્યાન ન રહ્યું ને એનું સ્કુટર સામેથી આવતા બીજા એક સ્કુટર સાથે અથડાઈ ગયું!

અકસ્માત જો કે મોટો નહોતો, કેમકે આરવના સ્કુટરની ગતિ સાવ ધીમી હતી.

તરત જ આરવ સ્કુટરને સાઈડમાં મૂકીને જેની સાથે અથડાયેલો એ સ્કુટરવાળી યુવતી પાસે ગયો. એનો હાથ પકડીને એણે ઊભી કરી.એનું સ્કુટર પણ સાઈડમાં મૂક્યું.

"આઈ એમ સોરી,"આરવે કહ્યું, "હું વિચારોમાં ચડી ગયેલો ને મારું ધ્યાન ન રહ્યું ને તમારી સાથે અથડાઈ ગયો ! તમારા સ્કુટરને જે નુકસાન થયું હશે એ હું આપી દઈશ."

"ઈટસ ઓલ રાઈટ,"સ્કુટર તરફ નજર નાખીને પેલી યુવતી બોલી, "સ્કુટરને તો કૈં નુકસાન નથી થયું લાગતું, પણ હવે સ્કુટર ચલાવવામાં ધ્યાન આપજો. સ્કુટરથી વધારે સ્પીડમાં વિચારો મગજના રોડ પર ન દોડવા જોઈએ."

"તમને વાગ્યું હોય તો હું તમને ઘેર મૂકી જાઉં," આરવે કહ્યું, "ક્યાં રહો છો તમે?"

"હું તો ગોદરેજ કોલોનીમાં રહું છું, પણ મને વાગ્યું નથી, એટલે હું જાતે જઈ શકીશ. તમે ચિંતા ન કરો."

"ગોદરેજ કોલોનીમાં રહો છો?"આરવે આશ્ચર્યથી પૂછ્યું, "તો તો આપણે નજીક જ કહેવાઈએ. હું જલદર્શન સોસાયટીમાં રહું છું."

"જલદર્શનમાં રહો છો?"યુવતી બોલી, "હું તો ત્યાં ઘણીવાર આવું છું. મારા રમેશકાકા ત્યાં જ રહે છે."

"રમેશભાઈ?"આરવને ફરી આશ્ચર્યનો એટેક આવ્યો, "ક્યા નંબરમાં?"

"ટેનામેન્ટ નંબર બસો એકત્રીસમાં એ રહે છે."યુવતી બોલી.

"અરે વાહ,"આરવે કહ્યું, "રમેશભાઈ તો મારા ખાસ સંબંધી છે, હું બસો ત્રીસમાં રહું છું. કલાક પહેલા જ એ મને મળેલા. હવે તમે એમને ત્યાં આવો ત્યારે મારા ઘેર ચોક્કસ આવજો."

"શ્યોર,"પેલી યુવતી એના સ્કુટર પર બેસતા બોલી, "શું નામ તમારું?"

"મારું નામ આરવ, આરવ ગાંધી,"આરવે કહ્યું, "ને તમારું નામ ?"

"મારું નામ અનાયા,' યુવતી બોલી, "અનાયા શાહ."

"સરસ,"આરવે કહ્યું, "ચાલો, જઈએ. મારે પણ ઓફિસે જવાનું છે."

એ વખતે બન્ને છૂટા પડ્યા. આરવ હવે ઓફિસ તરફ આગળ વધ્યો. વિચારોનું ચક્ર તો એના મનમાં ચાલતું જ રહ્યું, પણ હવે વિચારોનો કબજો અનાયાએ લીધો હતો. એને અનાયાનો ગૌર સોહામણો ચહેરો યાદ આવ્યો. એ બોલતી ત્યારે એના ગાલે ખંજન પડતા એ પણ એને યાદ આવ્યું. એ જો પોતાના ઘરમાં આવે, તો તો ઘરમાં દિવાળી આવી જાય!

જોકે, એ પરણેલી હશે કે કુંવારી એ તો એ વખતે પૂછાય એવું ન હતું. આખરે, સાંજના રમેશભાઈને પૂછવાનું એણે નક્કી કરી લીધું, ને સ્કુટર સ્પીડમાં ઓફિસ તરફ ભગાવ્યુ.

સાંજના દૂધ લઈને એ ઘેર આવ્યો, ને ફ્રિઝમાં દૂધ મૂકીને એ રમેશભાઈનાં ઘેર ગયો.

"આવો આવો આરવભાઈ,"રમેશભાઈએ એને આવકારતા કહ્યું, "તમે તો બાજુમાં જ રહો છો પણ ભાગ્યે જ આવો છો ઘેર."

બન્ને સોફામાં ગોઠવાયા ને રમેશભાઈનાં પત્ની રસોડામાં ચ્હા મૂકવા ગયા.

"રમેશભાઈ,"આરવ બોલ્યો, "આજે ઓફિસ જતી વખતે મારું સ્કુટર એક યુવતી જોડે અથડાઈ ગયું. જોકે, એને વાગ્યું નથી કે સ્કુટરને નુકસાન પણ નથી થયું. એ યુવતી તમારી ભત્રીજી છે એમ એણે કહ્યું. અહીં એ ઘણીવાર આવે છે એમ પણ એણે કહ્યું. એનું નામ અનાયા."

"અરે વાહ,"રમેશભાઈ હસ્યા, "કેવો યોગાનુયોગ કહેવાય ! અનાયા તો મારી દીકરી જેવી છે. તમને કેવી લાગી એ છોકરી?"

"બહુ સરસ છે,"આરવ બોલ્યો, "મેં એને ઘેર આવવાનું પણ કહ્યું છે."

"કાયમ માટે ઘેર લાવવી છે?"રમેશભાઈએ જાણે બોંબ ફોડ્યો.

"હેં....?,"આરવ બોલ્યો, "એટલે શું?"

"એના પપ્પા એના માટે મુરતિયો શોધે જ છે."રમેશભાઈ બોલ્યા, "બોલો, વાત ચલાવું તમારા માટે? સગપણ થઈ જશે. એ ના નહીં પાડે."

"તમારી મરજી રમેશભાઈ,"આરવ બોલ્યો, "મને તો આનંદ થશે. "

"આજે ગુરુવાર થયો,"રમેશભાઈ બોલ્યા, "હું એમને કહી દઉં છું, રવિવારે આપણે એમનાં ઘેર જઈશું."

રવિવારે રમેશભાઈ એમનાં પત્ની સાથે આરવને લઈને અનાયાને ઘેર ગોદરેજ કોલોનીમાં પહોંચ્યા.રમેશભાઈએ આરવને અનાયાના કુટુંબનો પરિચય આપ્યો, ને અનાયાના મમ્મી-પપ્પાને આરવનો પરિચય આપ્યો. અનાયાને તો આરવ સ્કૂટર સાથે અથડાયેલો ત્યારનો ગમી ગયેલો, એટલે એણે હા કહી, ને આરવે પણ હા કહી, એટલે એ જ વખતે ગોળધાણા ખવાયા, ને પંદર દિવસ પછી સગપણનું નક્કી થયું.

આરવે સ્કુટર મેઈન રોડ પર લીધું. એનું મન આજે રમેશભાઈની વાતોના લીધે કન્યાના વિચારોમાં ચડી ગયેલું. કન્યા માટે કોને કહેવું? વિનય અને કેતન જેવા બે-ત્રણ મિત્રો હતા, એમને વાત કરવાનું એણે નક્કી કર્યું. એ વિચારમાં પડ્યો કે, કેતન અત્યારે ક્યાં હશે?

સગપણ થયા પછી ગોરમહારાજે છ મહિના પછીનું લગ્નનું મુરત કાઢ્યું, ને છ મહિના પછી આરવ અનાયા સાથે લગ્નગ્રંથિથી જોડાઈ ગયો.

"એ આરવ,"લગ્ન પત્યા પછી એના મિત્ર કેતને એને પોતાની ઓફિસમાં બોલાવ્યો, "આમ ન ચાલે હો, મને ને વિનયને જૂદી પાર્ટી આપવી પડે."

કેતન આરવનો ખાસ મિત્ર. દેખાવડો, એક સરસ મઝાના દીકરાનોબાપઅનેએકફેક્ટરીમાંમેનેજરતરીકેગોઠવાઈગયેલો.

"ચોક્કસ,"આરવે કહ્યું, "રવિવારે તું અને વિનય પત્ની ને બાળકો સાથે ઘેર આવો, અપણે ઘેર પાર્ટી રાખી દઈએ. તું કહીશ એ બનાવડાવીશું. અનાયા રસોઈમાં પારંગત છે."

એ રવિવારે પાર્ટી મજાની રહી. કેતન અને વિનયનો સ્વભાવ અનાયાને પણ ગમ્યો. એ બન્નેની પત્ની અનાયાની સખીઓ બની ગઈ.

નર્મદામાં પાણી વહેતું રહ્યું, ને અંકલેશ્વરની શેરીઓમાં સાંજ ઉતરતી રહી. અનાયા-આરવના લગ્નને બે વરસ થયા, પણ હજી એમને સંતાન નહોતું.

રમેશભાઈની સૂચના અનુસાર બન્ને અંકલેશ્વરની એક હોસ્પિટલમાં તપાસ માટે ગયા.

ડોક્ટરે બન્નેને તપાસ્યા, જાતજાતના ટેસ્ટ કર્યા.

"આરવભાઈ,"ડોક્ટર બોલ્યા, "તમારામાં કે બહેનમાં કોઈ જાતની ખામી નથી. આની કોઈ દવા નથી, રાહ જૂઓ, સમય થશે એટલે આપોઆપ સંતાન થશે જ."

ચાર વરસ થયા, પછી આરવને ચિંતા થઈ.

"અનાયા,"આરવે કહ્યું, "આપણે એક બાળકને દત્તક લઈ લઈએ? ઘરમાં બાળક હોય તો કેટલી મજા આવે?"

અનાયાની આંખમાં આંસુ હતા.

"આરવ,"અનાયા બોલી, "બાળકની હોંશ કઈ સ્ત્રીને ન હોય ? મને પણ બાળકની હોંશ છે જ, પણ મારું પોતાનું બાળક. દત્તક બાળક લઈએ તો પણ પોતાના બાળક જેવી મજા ન આવે. થોડું અતડું લાગે."

"તો પછી,"આરવ બોલ્યો, "રાહ જોયા સિવાય બીજો કોઈ રસ્તો નથી."

બન્નેએ રાહ જોવાનું શરુ કર્યું. સમય વહેતો રહ્યો.

સાતવરસથયા,પણઈશ્વરજાણેએમનુંસાંભળતોજનહોતો.

એક દિવસ કેતન એની પત્નીને લઈને આરવના ઘેર આવ્યો.

"આરવ,"કેતન બોલ્યો, "આ શનિવારે આપણે બણભા હિલ ટુરીઝમ ફરવા માટે જઈએ છીએ. ત્યાં રહેવાની ને જમવાની વ્યવસ્થા મેં કરી નાખી છે. મારું તારું ને વિનયનું ફેમિલિ જઈશું, ત્રણ રૂમ બુક કરાવ્યા છે. તૈયાર થઈ જજે."

"અરે યાર,"આરવ બોલ્યો, "આ શનિ-રવિ અમારી ઓફિસમાં ઓડિટ છે, ને મારે એમાં ખાસ હાજર રહેવું પડે એમ છે. કોઈપણ સંજોગોમાં રજા ન મળી શકે. પણ, તમે અનાયાને લઈ જાવ, એ જગ્યા સરસ છે. મેં જોએલી છે. અનાયાને મઝા આવશે."

અનાયાએ થોડી હા-ના કરી, પણ છેવટે એ તૈયાર થઈ ગઈ.

શનિવારે કેતનની ગાડીમાં કેતન, ને વિનય, એમની પત્નીઓ, કેતનનો બાબો ને અનાયા બણભા જવા નીકળી ગયા.

અનાયા તો આખા રસ્તે કેતનના બાબાને રમાડતી જ રહી.

બપોરે ત્યાં પહોંચીને સૌ જમ્યા, પછી પોતપોતાના રૂમમાં ગોઠવાયા. સાંજના બધા બહાર ટેકરીઓની હારમાળા પર ફરવા નીકળ્યા. આહલાદક વાતાવરણમાં સૌને મજા પડી.

રૂમ પર પાછા આવીને બધા જમ્યા. રાત્રે પત્તા રમ્યા. બીજા દિવસે કેવડી ઈકો ટુરિઝમ સાઈટ પર જવાનું નક્કી કરીને બધા સૂતા.

કેવડી જવા માટે સવારે નવેક વાગ્યે બધા નીચે ઉતર્યા, ને અચાનક સીડી પરથી ઉતરતા અનાયાનો પગ લપસ્યો, ને એ ત્રીજા પગથિયેથી પડી.

કેતન અને વિનય તરત જ એની નજીક ગયા. એને ઊભી કરી. અનાયાએ ચાલવા પ્રયત્ન કર્યો, પણ એ બરાબર ચાલી શકતી નહોતી. એના જમણા પગ પર સહેજ સોજો હોય એવું પણ લાગતું હતું.

"એક કામ કરો,"કેતન બોલ્યો, "વિનય, તું ડ્રાઈવ કરી લે, અને તમે લોકો નીકળી જાવ. હું અનાયાને ડોક્ટર પાસે રીક્ષામાં લઈ જાઉં છું. ડોક્ટર કહે તો અમે પણ તમારી પાછળ રીક્ષામાં આવીશું."

વિનય બધાને લઈને નીકળી ગયો, ને કેતન અનાયાને ડોક્ટર પાસે લઈ ગયો.

"મચકોડ કે ભાંગતૂટ નથી,"ડોક્ટરે કહ્યું, "ખાલી મૂઢમાર છે, હું ટિકડી આપું છું, બે દિવસમાં સરસ થઈ જશે. ત્યાં સુધી ચાલવાનું ઓછું રાખજો."

કેતને ત્યાંથી જ વિનયને ફોન કરી દીધો કે, એ લોકો નથી આવતા.

કેતને અનાયાને એની રૂમમાં લઈ ગયો ને પલંગ પર સુવાડી. એ પણ પલંગ પર જ અનાયાની બાજુમાં બેઠો.

અનાયાની આંખમાં અચાનક આંસુ આવી ગયા.

"રડો છો શા માટે?"કેતને કહ્યું, "કશું છે નહીં, બે દિવસમાં તો બધું સરસ થઈ જશે."

"હું એટલા માટે નથી રડતી કેતન,"અનાયા બોલી, "મારી કમનસીબી પર રડું છું. ભગવાને બધાને સંતાન આપ્યા, તારોદીકરો તો કેટલો સરસ ને વ્હાલકુડો છે, અને મને જ એણે અભાગણી રાખી !"

"ચિંતા ન કરો,"કેતન બોલ્યો, "સમય સમયનું કામ કરશે જ.""શું હોળી કામ કરશે?"અનાયા થોડી ખીજાઈને બોલી, "લગ્નના સાત વરસ થયા, બેમાંથી એકેયમાં ખામી નથી ને છતાં......"અચાનક એ કેતનને બાઝી પડી.

"મને એક દીકરો આપ કેતન,"અનાયાએ રડતા અવાજે કહ્યું, "આજે મોકો છે, હું ભીખ માગું છું, મને એક સંતાન આપ, તારા દીકરા જેવો દીકરો આપ તો જીંદગીભર તારો અહેસાન નહીં ભૂલું."

એણે જે રીતે કેતનને પકડી લીધો હતો કે, કેતન છટકી ના શક્યો, ને અંતે જે બનવાનું હતું એ બની ગયું.

સાંજના બધા પાછા આવ્યા પછી જમ્યા. એ રાત્રે અનાયાને શાંતિ હતી. દુઃખાવો પણ ઓછો થયો હતો.

બીજા દિવસે સાંજના બધા પાછા આવ્યા.

સમય તો પસાર થતો જ રહ્યો, ને ત્રીજા મહિને અનાયાએ આરવને ખુશખબર આપ્યા !

નવમા મહિને અનાયાએ સુંદર દીકરાને જન્મ આપ્યો, ને આરવેપાર્ટીઆપી.આવખતેએણેસોસાયટીનાસંબંધીઓનેપણ આમંત્રણ આપ્યું, ને કોમનપ્લોટમાં જ પાર્ટી આપી.

"થેન્ક યુ કેતન,"પાર્ટી પત્યે ઘેર જવા નીકળેલ કેતનને આરવે કહ્યું.

"થેન્ક યુ? મને? શાના માટે?"કેતને આશ્ચર્યથી પૂછ્યું.

"તું પણ જાણે છે ને હું પણ જાણું છું કે શાના માટે. પણ, જે હકીકત હતી, એ હતી,"આરવે એનો ખભો દબાવતા કહ્યું, "આવજે."

(શીર્ષકપંક્તિઃ ભારતી ગડા)